Re-Accredited 'B++ 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel +91 - 261 - 2227141 to 2227146, Toll Free 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail info@vnsgu.ac.in, Website www.vnsgu.ac.in

# -: પરિપત્ર :-

યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, ડિપાર્ટમેન્ટનાં વડાશ્રીઓ તથા યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમનાં કો–ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે, SWAYAM અભ્યાસક્રમો ઓફર કરવા અંગે બોર્ડ ઓફ ડીન્સની તા.૦૮/૦૮/૨૦૨૫ ની સભાના ઠરાવ ક્રમાંકઃ૩૫ થી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા.૧૪/૦૮/૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૬૦ થી મંજૂર કરેલ છે જેનો અમલ કરવા આથી જાણ કરવામાં આવે છે.

**બોર્ડ ઓફ ડીન્સની તા.૦૮/૦૮/૨૦૨૫ની ઠરાવ ક્રમાંકઃ૩૫**

:: આથી ઠરાવવામાં આવે છે કે, SWAYAM અભ્યાસક્રમો અભ્યાસ સમિતિના ચેરપર્સનશ્રીની ભલામણ અંતર્ગત બાસ્કેટમાં ઉમેરવા માટેની સત્તા સંબંધિત વિદ્યાશાખાના ડીનશ્રીને આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં, યુનિવર્સિટીની અભ્યાસ સમિતિ દ્વારા નિયત કરવામાં આવેલ SWAYAM અભ્યાસક્રમોની પરીક્ષા યુનિવર્સિટીએ યોજવાની રહે છે જે સેમેસ્ટર–૧ ની પરીક્ષા ચાલુ વર્ષ માટે જે તે કોલેજોએ યોજી માર્કસ પરીક્ષા વિભાગને મોકલવાના રહેશે. અભ્યાસ સમિતિ દ્વારા નિયત કરવામાં ન આવેલ હોય તેવા SWAYAM અભ્યાસક્રમોની પરીક્ષા જે તે વિદ્યાર્થીએ NTA દ્વારા નિયત કરેલ પરીક્ષા કેન્દ્ર પર આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં, યુનિવર્સિટીના તમામ શૈક્ષણિક વિભાગો અને સંલગ્ન તમામ કોલેજોએ SWAYAM Local Chapter ની માન્યતા ફરજિયાતપણે સત્વરે લેવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**વધુમાં, એકેડેમિક કાઉન્સિલની તા.૧૪/૦૮/૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ૬૦ અન્વયે,યુનિવર્સિટીના તમામ શૈક્ષણિક વિભાગો અને સંલગ્ન તમામ કોલેજોએ SWAYAM Local Chapterની માન્યતા ફરજિયાતપણે સત્વરે લઈ તેની જાણ swayam-uno-0153@vnsgu.ac.in પર કરવા આથી જાણ કરવામાં આવે છે.**

**SWAYAM Local Chapter ની માન્યતા મેળવવા માટે https://nptel.ac.in/Local Chapter પર ઉપલબ્ધ ફોર્મ ભરી Online Submit કરવાનું રહે છે. SWAYAM Local Chapter સંદર્ભે કોઈ મુશ્કેલી જણાય તો યુનિવર્સિટી SWAYAM નોડલ ઓફિસરશ્રી Dr. Bhavesh Vanpariya Mo.No. 7777995599, Email: swayam-uno-0153@vnsgu.ac.in પર સંપર્ક કરી શકાશે.**

**અભ્યાસ સમિતિ દ્વારા નિયત કરવામાં ન આવેલ હોય તેવા SWAYAM અભ્યાસક્રમોની પરીક્ષાના માર્કસ/ગ્રેડ વિદ્યાર્થીના નિયમિત પ્રોગ્રામની માર્કશીટમાં સામેલ થશે નહિ. જેની નોંધ લેવી.**

ક્રમાંક : ઓથો./પરિપત્ર/૨૨૨૯૬/૨૦૨૫
તા.૨૫/૦૮/૨૦૨૫

કુલસચિવ

પ્રતિ,
૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ,
૨) યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના વડાશ્રીઓ અને યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમનાં કો–ઓર્ડિનેટરશ્રીઓ.
૩) ડીનશ્રીઓ– તમામ વિદ્યાશાખા.
૪) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

...... જાણ તથા ઘટતું થવા.